## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે... કવિતા વાંચનાર કવિશ્રીનાં શબ્દોમાં વજન અનુભવશો... કેમ કે તે પહેલા નિષ્ફળ બોડી - બિલ્ડર રહી ચૂક્યા છે...

# આજે મહારાણા પ્રતાપની જન્મજયંતિ નિમિત્તે ટાઉનહોલમાં વિશિષ્ટ કાર્યક્રમ

### કવિતા અને સંગીતના સથવારે મહારાણા પ્રતાપની વીરગાથાઓ રજુ કરાશે

ગાંધીનગર તા ૧૨

મહારાણા પ્રતાપની ૪૭૭મી જન્મજયંતિ નિમિત્તે મહારાણા પ્રતાપ પ્રચાર મંચ તેમજ ગુજરાત ક્ષત્રિય સભા અને મરાઠી સંગઠનના સંયુક્ત ઉપક્રમે આગામી તા ૧૩ મેંના રોજ સે-૧૭ ટાઉનહોલ ખાતે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં મહારાણા પ્રતાપની વીર ગાથાઓ કવિતા અને લોકસંગીતના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવશે. જયારે તારાતર બાડમેરના મહંત સ્વામી પ્રતાપપુરી મહારાજ પણ રસપ્રદ વકતવ્ય આપશે.

હિન્દવા સુરજ મેવાડ રત્ન એકલીંગજી મહાદેવના સેવક

**બાડમેરના સ્વામી પ્રતાપપુરી મહારાજ પણ રસપ્રદ વક્તવ્ય આપશે**



મહારાણા પ્રતાપની ૪૭૭ મી જન્મ જયંતિ નિમિત્તે ગુજરાત ભારતીય પ્રવાસ પરિષદ ,મહારાણા પ્રતાપ પ્રચાર મંચ, ક્ષત્રિય સભા, મરાઠી સુરક્ષા સંગઠન તેમજ ઈન્ડીયન બ્યુરો ઓફ ઈન્ટેલીજન્સી દ્વારા તા ૧૩ મેં ના રોજ સે- ૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે સાંજે ૬ કલાકે એક વિશિષ્ટ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં મહારાણા પ્રતાપની વીર ગાથાઓ, કવિતાઓ, તથા લોકસંગીતની વૈવિધ્યસભર કૃતિઓ રજુ થશે. આ પ્રસંગે તારાતરા મઠ બાડમેરના મહંત સ્વામી પ્રતાપપુરી મહારાજ વિશેષ ઉપસ્થિત રહી પ્રેરક વક્તવ્ય આપશે. સ્વામી પ્રતાપપુરી સમાજના સભ્યોને આર્શીવચન પાઠવશે. આ કાર્યક્રમ દરમિયાન મેવાડના મશહુર કલાકાર પિન્ટુ સેન રાજકુમાર એન્ડ પાર્ટી દ્વારા રાજસ્થાની લોક સંગીત રજુ કરાશે. મહારાણા પ્રતાપની વીરગાથાઓનુ પણ વિશિષ્ટ શૈલીમાં વર્ણન કરાશે. આ કાર્યક્રમનો લાભ લેવા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

## રવિવારે રાજપૂત સમાજનો તૃતીય જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના રાજપૂત સમાજ દ્વારા સમાજના અપરિણિત યુવક યુવતિઓ માટે તૃતીય જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યુંછે. આ પસંદગી મેળો તા. ૧૪મી મેના રોજ રવિવારે સવારે ૧૦ કલાકે સે-૧૨માં ગાંધીનગર ખાતે યોજાશે.

રાજપૂત સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓ માટે જીવનસાથી પસંદગી મેળો વિશાળ પ્લેટફોર્મ પુરું પાડશે. આ મેળામાં આશરે ૨૫૦ જેટલા લગનોત્સુક યુવક યુવતિઓ તેમના જીવનસાથીની પસંદગી કરી ભાવિ જીવનનો પથ નક્કી કરશે. પસંદગી મેળામાં સમાજના અગ્રણીઓ તથા હોદ્દેદારો દ્વારા લગ્નોત્સુક ઉમેદવારોની સંપૂર્ણ વિગત દર્શાવતી પુસ્તિકા પણ પ્રકાશિત કરવામાં આવશે. જેથી યુવક યુવતિઓને પોતાને અનુરૂપ હોય તેવું પાત્ર પસંદ કરવામાં સરળતા રહે. પસંદગી મેળામાં સમાજના અગ્રણીઓ તથા હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. આ પસંદગી મેળામાં સામેલ થવા સમાજના મહામંત્રી પ્રદિપસિંહ બિહોલાએ સભ્યોને આમંત્રણ પાઠવ્યું છે.



ગાંધીનગર મહાનગર પાલિકાના વિસ્તારમાં સમાવિષ્ટ સેક્ટર-૪-સી ખાતે નવી નાંખવામાં આવેલ સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી આ વિસ્તારના રહીશોને હાલાકી ભોગવવી પડી રહી છે. વળી, આ વિસ્તારમાં ઉભા કરાયેલા સ્ટ્રીટલાઈટના થાંભલાના કન્ટ્રોલ પેનલના ઢાંકણા પણ ખુલ્લા હોવાથી જોખમરૂપ બન્યા છે. સત્વરે વીજ થાંભલાના ઢાંકણા બંધ કરવાની તજવીજ કરવા તથા બંધ સ્ટ્રીટલાઈટોને ચાલુ કરવા સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતે પાટનગર યોજના ભવનના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી માંગ કરી છે.

## લીંબોદરા ગામે ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના નવીન મકાનનું ખાતમુહુર્ત

ગાંધીનગર, તા.૧૨

કલોલ તાલુકાના લીંબોદરા ગામમાં લીંબોદરા સેવા સમાજ દ્વારા જય પ્રસન્ન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલની ખાત મુહુર્ત વિધિ યોજાઈ હતી.

લીંબોદરા ગામમાં તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વસતા બાળકો વર્તમાન સમયમાં અંગ્રેજી અને આધુનિક ટેકનોલોજીના જ્ઞાનથી વંચિત ન રહી જાય તે માટે લીંબોદરા સેવા સમાજના ટ્રસ્ટીઓની તેમજ ગામના અગ્રણી વડીલોની હાજરીમાં શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલના કેમ્પસમાં જય પ્રસન્ન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના નવીન મકાનની ખાતમુહુર્ત વિધિ ગામના લોકલાડીલા સરપંચ રણજીતસિંહજી વાઘેલાના હસ્તે કરવામાં આવી હતી. જેથી ગામના તથા આજુબાજુના લોકોમાં ખુશીનો માહોલ સર્જાયો હતો.

## ભરતસિંહના નેતૃત્વમાં સાયબર મીટ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આઈટી સેલ દ્વારા તા. ૧૪.૫.૨૦૧૭ને રવિવારે બપોરે ૨-૦૦ કલાકે, ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને સાયબર મીટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અને વરિષ્ઠ નેતા અહમદભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે તેમજ ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિતના મહાનુભાવો સોશ્યલ મીડિયા દ્વારા રાજકીય હકીકતો પ્રજા સુધી પહોંચે તે માટે માર્ગદર્શન આપશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આઈટી સેલના અધ્યક્ષ રોહન ગુપ્તાએ સાયબર મીટ કાર્યક્રમ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના તમામ યુવા કાર્યકરો આઈટી સેલના પદાધિકારીઓ ભાજપાના ભ્રષ્ટાચાર સામે આક્રમકતાથી લડત આપી રહ્યા છે. આગામી સમયમાં વિધાનસભા ૨૦૧૭ના લક્ષ્ય નવસર્જન ગુજરાત સાથે આઈટી સેલ વધુ સક્ષમતા સાથે સંગઠિત થઈને ભાજપના કુપ્રચારનો જડબાતોડ જવાબ આપશે.

# ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ દ્વારા તૈયાર મેન્યુઅલનુ મુખ્યમંત્રીના હસ્તે વિમોચન

ગાંધીનગર તા ૧૩

ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલના અધ્યક્ષ સી એલ મીનાએ ટ્રિબ્યુનલની કામગીરી તેમજ સંદર્ભમાં જરૂરી સાહીત્ય એકગ્રંથમાં સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે મેન્યુઅલ તૈયાર કર્યુ છે. આ મેન્યુઅલનુ મુખ્યમંત્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યુ હતુ. જેમાં કાયદા,નિયમો, કાર્યરીતી તેમજ અપીલ ઉપર થતી કાર્યવાહી અંગે કર્મચારીઓને માર્ગદર્શન મળી રહે તેવી સંગ્રહ માહીતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજય અને પંચાયતના કર્મચારીઓ તેમજ અધિકારીઓને તેમની સેવા વિષયક બાબતોમાં અસંતોષ જણાય ત્યારે ન્યાય મેળવવા ઘડવામાં આવેલી ન્યાયિક સંસ્થા ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવતી કામગીરી અને તેના સંદર્ભમાં જરૂરી સાહીત્ય એકગ્રંથમાં સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે આ મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યુ છે. ગુજરાત મુલ્કી સેવા અને ટ્રિબ્યુનલના તેમજ અદાલતોના ચુકાદાઓનો સારાંશ પણ ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. આ સઘળી કર્મચારીઓ અને અધિકારીઓ બદલાઈ જાય તેવા કિસ્સામાં પણ માર્ગદર્શનરૂપે માહીતીસ્ત્રોત ઉપલબ્ધ



ટ્રિબ્યુનલના અધ્યક્ષ સી એલ મીનાએ તૈયાર કરેલી આ સંગ્રહ માહીતીમાં કાયદા,નિયમો અપીલ કરવાની રીત અને અપીલ ઉપર કેવી રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તેનો પણ સમાવેશ કરાયો છે. જયારે ટ્રિબ્યુનલની કામગીરી સાથે સંકળાયેલા કાયદા અને નિયમોના માહીતી એક જ સ્થાનેથી ઉપલબ્ધ થવાના લીધે કર્મચારીઓને ન્યાય મેળવવામાં પણ સુગમતા રહેશે જયારે વહીવટીતંત્રમાં આ કામગીરી કરતા કર્મચારીઓ અને અધિકારીઓને પણ માર્ગદર્શન મળી રહેશે. ગુંચવણભરી કાયદાકીય પ્રક્રીયામાં અટવાવુ ન પડે તેમજ થાય તેવા આશયથી આ મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યુ હોવાનુ તેમણે જણાંવ્યુ છે. સરકારના વહીવટમાં પારદર્શકતા અને સરળતાના ઉમદા આશયને સિધ્ધ કરવા ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ દ્વારા તૈયાર કરવામાં આવેલા આ માહીતી સંગ્રહ કર્મચારીઓને ઉપયોગી થશે.



કોન ચિત્રકાર હૈ... : કેવા અદ્ભુત રંગો, કેવી સજાવટ, કેવી કૃતિ, નયનરમ્ય આકાશીદર્શન નિહાળતા જ મનમાં સવાલ ઉઠે છે કે પ્રકૃતિનો વૈભવ અનોખો છે. આપણે જ આપણી જાતને પ્રશ્ન પુછીએ કે કોણે આ કૃતિ રચી, કોણે રંગ પૂર્યા, કોણે અદ્ભુત સંયોજનો કર્યા અને માત્ર ગણતરીની ક્ષણો માટે... બસ પરમતત્ત્વનું અદ્ભુત નજરાણું એ જ જવાબ છે, એ જ સમાધાન છે.

## જુનિયર સિટીઝન કાઉન્સિલને ચક્ષુદાન મળ્યું

જુનિયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગરને તા. ૧૧મી મેના રોજ સ્વર્ગસ્થ અનુપમાબેન અરવિંદભાઈ ગદાણીનું અવસાન થતા તેમના કુટુંબીજન મેહુલભાઈ ગદાણીની સંમતિથી ચક્ષુદાન જુસિકા ગાંધીનગરને પ્રાપ્ત થયું હતું. આ ચક્ષુદાન લેવા માટે તબીબી સેવા ડૉ. સૌરભ પ્રસાંથી અને જુસિકાના કાર્યકર ગણપત મકવાણા અને સંજય વાઘેલાએ સેવા પુરી પાડી હતી. આ ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચાડવાનું કાર્ય રાજુભાઈએ પાર પાડયું હતું.

# મોબાઈલ ટાવર મિલ્કત તરીકે ગણવા અંગેના નિર્ણયને મંજુરી

અમદાવાદ, તા.૧૨

મોબાઈલ ટાવરને મિલકત તરીકેની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરતાં રાજય સરકારના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટે એક અતિમહત્વના ચુકાદા મારફતે બહાલી આપી છે. જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ બી.એન.કારીઆની ખંડપીઠે જુદી જુદી મોબાઈલ ટાવર કંપનીઓ તરફથી કરાયેલી રિટ અરજીઓ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, સરકાર દ્વારા ગુજરાત મ્યુનિસિપાલિટી એકટ અને ગ્રામ પંચાયત એકટમાં જરૂરી સુધારો કરી મોબાઈલ ટાવરને મિલકતની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરાયા છે તે યોગ્ય, વાજબી અને કાયદેસર છે. તેમાં બંધારણીય જોગવાઈઓનો કોઈ ભંગ થતો નથી અને તે બંધારણીય જોગવાઈઓ સાથે સુસંગત છે. ગુજરાત હાઈકોર્ટના આ મહત્વના ચુકાદાને પગલે ગુજરાત રાજયની વિવિધ નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયત વિસ્તારમાં જયાં જયાં મોબાઈલ ટાવર મૂકાયા છે તે નગરપાલિકાઓ અને ગ્રામપંચાયતોની મિલકત વેરાની આવકમાં નોંધપાત્ર વધારો થશે. કારણ કે, મોબાઈલ ટાવર હવે મિલકત તરીકે ગણવાના નિર્ણયને બહાલી મળતાં જે તે નગરપાલિકા અને ગ્રામપંચાયત હવે મોબાઈલ ટાવર કંપનીઓ પાસેથી મિલકત વેરો વસૂલી શકશે. આ કેસની વિગત એવી છે કે, મોબાઈલ-ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડરો દ્વારા રાજયના વિવિધ શહેરોમાં, નગરપાલિકા અને પંચાયત વિસ્તારોમાં મોબાઈલ ટાવર બાંધવામાં આવે છે. જો કે, આ મોબાઈલ ટાવરોને પ્રોપર્ટી(મિલકત) ગણી તેની પાસેથી વેરો વસૂલવાની તજવીજ નગરપાલિકા અને ગ્રામ પંચાયત સત્તાવાળાઓ દ્વારા હાથ ધરાઈ હતી. જેનાથી નારાજ મોબાઈલ ટાવર કંપનીઓએ હાઈકોર્ટમાં રિટ અરજીઓ કરી સત્તાવાળાઓના નિર્ણયને પડકાર્યો હતો. મોબાઈલ ટાવર કંપનીઓએ કાયદાકીય મુદ્દો ઉઠાવ્યો હતો કે, મોબાઈલ ટાવર એ મિલકતની વ્યાખ્યામાં સમાવિષ્ટ ના થઈ શકે. સરકારનો નિર્ણય ખોટો અને ગેરકાયદે છે.

જો કે, આ અરજીઓનો સરકારપક્ષ તરફથી વિરોધ કરાયો હતો અને જણાવાયું હતું કે, રાજય સરકાર દ્વારા ગુજરાત મ્યુનિસિપાલિટી એકટ અને પંચાયત એકટમાં જરૂરી સુધારા કર્યા છે. ગુજરાત મ્યુનિસિપાલિટી એકટની કલમ-૯૯(૧) અને ગ્રામપંચાયની કલમો હેઠળ સરકારને આમ કરવાની સત્તા પ્રાપ્ત છે. આ અધિકાર અન્વયે જ સરકાર દ્વારા રાજયની નગરપાલિકાઓ અને ગ્રામપંચાયતોના વિસ્તારમાં કાર્પેટ એરિયાને ધ્યાનમાં લઈને મોબાઈલ ટાવરને મિલકત તરીકેની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરાયા હતા અને તેઓની પાસેથી મિલકત વેરાની આકારણી અને વસૂલાતની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જે બિલકુલ કાયદેસર અને યોગ્ય છે.

# રેતી-કાંકરીની ગ્રાન્ટ કોંગ્રેસ માટે શિરદર્દ બની

### પ્રમુખના ભોજન સમારંભમાં કારોબારીના ચેરમેનની ગેરહાજરીથી રાજકીય ગરમાવો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીની ગ્રાન્ટનો પ્રશ્ન કોંગ્રેસ માટે શિરદર્દ બન્યો છે અને સભ્યોનો આક્રોશ જોઈ આ જ મુદ્દાની વિસ્તૃત છણાવટ માટે કોંગીના સભ્યોની આજે ૩ વાગે પ્રમુખના સત્તાવાર નિવાસસ્થાને ખાસ બેઠક પણ બોલાવવામાં આવી હતી તે રદ કરાઈ હતી. કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગત સામાન્ય સભામાં જે કામો મંજૂર થયા હતા તેની વહીવટીય મંજૂરી માત્ર ગાંધીનગર તાલુકામાં જ કેમ અપાઈ ? સભ્યોના કામો માટે રચાયેલી સમિતિએ શું કામગીરી કરી ? વહીવટીય મંજૂરી ૧ કરોડથી વધુના કામોની અપાઈ ગયા પછી આજે કેમ પુનઃ જુદા જુદા પત્રોને આધારે એજન્ડા બનાવી બેઠક બોલાવી મંજૂરીનું નાટક કેમ કરાયું ?

આવા અનેકવિધ પ્રશ્નોને લઈ કોંગ્રેસની નેતાગીરીએ આજે પંચાયતની બેઠક વખતે હાજર રહેવાનું પણ ટાળ્યુ હતુ.

કોંગ્રેસની જૂથબંધી એટલી તીવ્ર બની ગઈ છે કે પ્રમુખના ભોજન સમારંભમાં પણ સતત આજ મુદ્દો છવાયેલો રહ્યો હતો.

કેટલાક સભ્યો તો એવી ચર્ચા કરતા નજરે પડ્યા હતા કે અરવિંદસિંહ એટલે તો પ્રમુખશ્રીના ભોજન સમારંભમાં આવ્યા નહિ. તેમણે તેમના વિસ્તારમાં વહીવટીય મંજૂરી મેળવી કામો શરૂ કરાવી દીધા છે.

જો કે આ બધી બાબતોની જાહેરમાં ચર્ચા ટાળી કાલે પ્રમુખના નિવાસસ્થાને સભ્યોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ તે એકાએક રદ કરી દેવાઈ હતી અને જો આ મુદ્દે યોગ્ય ઉકેલ નહિ આવે તો રાજકીય નવા જૂનીની વાતો પણ છાને છપને થવા લાગી છે.

## સોમનાથ, દ્વારકા, અંબાજી હેલિકોપ્ટર સેવા શરૂ થશે

ગાંધીનગર, તા.૧૨

સોમનાથ, દ્વારકા, અંબાજી માટે હેલિકોપ્ટર સેવા ઓગસ્ટ મહિનાથી શરૂ કરવામાં આવનાર છે. આના માટે વિમાની ભાડુ ૨૫૦૦ રૂપિયા રાખવામાં આવે તેવી શક્યતા છે. ભારત સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા આને મંજુરી મળી ગઈ છે. અમદાવાદથી હેલિકોપ્ટર સુવિધા શરૂ થાય તેવા પ્રયાસો પણ શરૂ કરાયા છે. ઉડાન અને અમદાવાદ, સુરત, પોરબંદર, જામનગર કંડલા, દીવ, મુંદ્રાને સાંકળી લેવાયા છે. આ સિવાય મુંબઈ-કુંડલા, મુંબઈ-પોરબંદરની સેવા શરૂ થશે તેમ અગ્રસચિવ પ્રવાસી એસ જે હૈદરે જણાવ્યું છે વધુમાં અંબાજી, દ્વારકા અને સોમનાથ-અમદાવાદથી હેલિકોપ્ટરથી જઈ શકાશે. આ માટે કેન્દ્રના આઈ ઉડયન વિભાગ દ્વારા મંજુરી મલવાને આરે આવી ગયું છે. અત્રે નોંધવું જરૂરી છે કે અગાઉ ૨૫-૬-૨૦૧૬થી મેસર્સ વેત્પચ્યુરા એર કનેકિટવિટી પ્રા.લિ દ્વારા આંતરરાય હવાઈ જોડાણ માટે પસંદગી કરવામાં આવી હતી તેમજ અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, અમરેલી તથા પોરબંદરને જોડતી હવાઈ સેવા શરૂ કરવામાં આવેલી પરંતુ આ હવાઈ સેવાનું બાળમરણ થયું હતું. ઓછા મુસાફરો અને ઉંચા ભાડાને કારણે મુસાફરો મળતા ન હતા આથી ફરી વખત સાત નવા સ્થળો પર આંતરરાય હવાઈ સેવા શરૂ કરવામાં આવી છે.

રિઝનલપ કનેકિટવિટી સ્કીમ ઉડાન માટે પ્રતિ કલાક ૨૫૦૦ ભાડું નક્કી કરીને હવાઈ સેવા ઉપલબ્ધ કરવામાં આવનાર છે અને આ યોજનાના એમઓયુ મુજબ ૧ ટકા વેટ રકમમાંથી એમ્બ્યુલન્સ, સિક્યોરિટી પાકિંગ ફાયર જેવી મફત સુવિધા ઉપલબ્ધ કરવામાં આવનાર છે. ઉક્ત સ્કીમ અન્વયે કેન્દ્ર સરકાર ભરપુર ભોગવવાની સમજુતી થઈ છે.

## બે ઉચ્ચ અધિકારી સામે પગલા લેવા માટે આદેશ

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પારદર્શી સુશાસનની પ્રતિતી કરાવતી દ્રષ્ટાંતરૂપ કાર્યવાહીના ભાગરૂપે જીઆઈડીસીના ઉચ્ચ અધિકારીઓ સામે જમીન ફાળવણીમાં ગેરરીતી અંગેની મળેલ ફરીયાદની ઉચ્ચ સનદી અધિકારી દ્વારા થયેલી તપાસમાં આ ગેરરીતી અંગે જવાબદાર ઠરેલા બે અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની સુચના આપી છે. મુખ્યમંત્રીને જીઆઈડીસીની જમીન ફાળવણીમાં ગેરરીતીની મળેલી ફરીયાદ સંદર્ભમાં તેમણે ગત ૧૫ ઓક્ટોબર ૨૦૧૬ના દિવસે રાજયના પૂર્વ મુખ્યસચિવ અને પ્રવર સનદી અધિકારી ડૉ.મંજુલા સુબ્રમણ્યમને બે પ્રકરણોમાં સ્વતંત્ર તપાસ સોંપી હતી. તદઅનુસાર ભારત સરકારની સ્કીમ ઓફ ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ પાર્ક અંતર્ગત મેસર્સ એનએસપી ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી ઈચ્છાપોર, સુરત અને ગુજરાત હાઈડ્રોકાર્બન એન્ડ પાવર એસઈજેડ લી.વિલાયત જીઆઈડીસી જિ.ભરૂચને ફાળવાયેલી જમીનના કિસ્સામાં ડૉ. મંજુલા સુબ્રમણ્યમે પોતાનો તપાસ અહેવાલ તા. ૧૬ એપ્રીલ ૨૦૧૭ના રોજ રાજય સરકારને સુપ્રત કરેલ છે. આ તપાસ અહેવાલના તારણોના તલસ્પર્શી અભ્યાસ બાદ મુખ્યમંત્રીએ પારદર્શી સુશાસનની પ્રતિબધ્ધતા સાથે જે નિર્ણય કર્યો છે તેમાં ઉદ્યોગ વિભાગના તત્કાલિન અધિક મુખ્યસચિવને ભવિષ્યમાં તેઓને નીતિ વિષયક બાબતોમાં વધારે કાળજી લેવી તે પ્રકારની એડવાઈઝરી નોટ આપવાનો તથા જીઆઈડીસીના તત્કાલિન મેનેજીંગ ડીરેક્ટર સામે આ અહેવાલમાં આવેલા તારણોના અભ્યાસ બાદ વિધિવત ખાતાકીય તપાસ કરવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ વહીવટમાં પારદર્શીતાની પોતાની પ્રતિબધ્ધતા દોહરાવીને ભવિષ્યમાં કોઈ પણ નાનાથી મોટા અધિકારીને ક્ષતિયુક્ત કામગીરી થાય તો એક સ્પષ્ટ સંદેશ આપેલ છે.

